ચિલોડા મોટા ખાતે સ્વામી વિવેકાનંદ વિકાસયાત્રાના આગમન પ્રસંગે

# દોલારાણા વાસણાના ૧૦૦થી વધુ યુવાનો ભાજપમાં જોડાયા



ચિલોડા, તા. ૮

ગાંધીનગરના પૂર્વ વિસ્તારમાં ચિલોડા ખાતે યોજાયેલ સ્વામી વિવેકાનંદ વિકાસયાત્રાના આગમન થતાં ઉશ્માભર્યુ સ્વાગત પ્રસંગે ભા.જ.પ. તરફી વાતાવરણનો માહોલ સર્જાતા દોલારાણા વાસણા ગામના કોંગ્રેસને તિલાંજલી આપી ભા.જ.પ.માં જોડાવા અનેરો માહોલ સર્જાયો હતો. જેમાં રાઠોડ ધર્મેન્દ્રસિંહ જસવંતસિંહ, નરેન્દ્રસિંહ બળદેવસિંહ, સંજયસિંહ જુજારસિંહ, રાજેન્દ્રસિંહ રામસિંહ, મનહરસિંહ જશવંતસિંહ, રવિન્દ્રસિંહ ઈન્દ્રસિંહ, અમરસિંહ રણજીતસિંહ, ગીરેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહ નિકુલસિંહ જશવંતસિંહ ધર્મેન્દ્રસિંહ બાબુસિંહ,સુરજસિંહ દિલિપસિંહ રાઠોડ, છત્રસિંહ મનુસિંહ રાઠોડ વગેરે યુવાનો ભા.જ.પ.માં જોડાવાની જાહેરાતને વધાવતો ભા.જ.પ.ના અગ્રણી આગેવાનોએ અભિનંદન આપી સ્વાગત કર્યુ હતું.

# રહેણાક-ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમ ભાડે આપતા માલિકો માટે જાહેરનામું

ગાંધીનગર તા. ૮

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે, કે ત્રાસવાદી/ અસામાજીક તત્વો ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહયા છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી -વૃતિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાના હેતુંથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા જાહેરનામું -સિધ્ધ કરીને મકાન માલીકો માટે ખાસ સૂચના જારી કરવામાં આવી છે.

સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ,ઔધોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે આપી શકશે નહિ. ભાડે આપેલ મકાન, કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય, તે અંગેની જરૂરી માહિતી નિયત કોલમમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. જે મુજબ (૧) મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત - કયાં વિસ્તારમાં, કેટલું બાંધકામ (૨) મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ અને સરનામું (૩) મકાન કયારે ભાડે આપેલ છે, ભાડાની વિગત સાથે કેટલા સમય માટે (૪) કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે,તેમાં રહેનારા વ્યક્તિના પાકા નામ અને સરનામા સાથે (૫) સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ, સરનામુ (૬) મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ- સરનામું વગેરે વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. આ હુકમ તા. ૦૪/૧૦/૨૦૧૨ થી તા. ૦૨/૧૨/૨૦૧૨ સુધી બન્ને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૦મીએ ડૉકટર મૃગેશ વૈષ્ણવ વ્યાખ્યાન આપશે

## 'સ્ત્રીઓમાં માનસિક તણાવ અને હતાશા' વિષયે વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૮

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ઉષા ગજ્જરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે વિશ્વ માનસિક આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે તા.૧૦મી ઓકટોબરે 'સ્ત્રીઓમાં માનસિક તણાવ અને હતાશા' વિષય ઉપર ડૉ. મૃગેશ વૈષ્ણવનું વ્યાખ્યાન યોજવામાં આવશે. વિશ્વ માનસિક આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે સંવેદના ફાઉન્ડેશન અમદાવાદના સહયોગથી 'સ્ત્રીઓમાં માનસિક તણાવ અને હતાશા' વિષય ઉપર તા.૧૦મી ઓકટોબરના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર-૧૭, ચ-૫ કોર્નર, ગાંધીનગર ખાતે ગુજરાતના ખ્યાતનામ મનોચિકિત્સક ડૉ. મૃગેશ વૈષ્ણવનું વકતવ્ય યોજાશે. વકતવ્ય બાદ ઈન્ડિયન સોસાયટી ઓફ સાયકીયાટ્રી, ગુજરાત શાખાના તબીબો રોલ પ્લે રજૂ કરશે.

મહિલાઓ તથા રસ ધરાવતા નગરજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મગોડી ખૂન કેસમાં આરોપીને સાત વર્ષની સજા ભોગવવા આદેશ

## અન્ય બે આરોપીઓને પણ ૧ વર્ષની સખત કેદ

ગાંધીનગર, તા.૮

નજીવી બાબતે મહીલાને મોતને ઘાટ ઉતારવાના મગોડી ખૂન કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. જયારે અન્ય બે આરોપીઓને પણ એક વર્ષની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૮ જુલાઈ વર્ષ ૨૦૧૦ના રોજ જિલ્લાના મગોડી ગામમાં રહેતા પૂંજાભાઈ રામાભાઈ પરમારના પત્ની દાનીબેન ભેંસોના વાડામાં કામ કરતા હતા તે વેળાએ ગામમાં રહેતા જયંતિ ઉર્ફે કાદીયો બાબુભાઈ પરમાર, રાકેશ બાબાભાઈ તેમજ બાબુભાઈ કાળાભાઈ પરમારે ભેંસચારો ખાવાની બાબતે દાનીબેન સાથે તકરાર કરી હતી. આ દરમિયાન ઉશ્કેરાટમાં આવેલા આરોપી જયંતિએ દાનીબેનના માથામાં લાકડું ફટકારી દીધું હતું. જયારે આરોપી રાકેશ અને બાબુએ તેમને જમીન પર પછાડતા ગંભીર રીતે ઘવાયેલા દાનીબેનનું મોત નિપજયું હતું. આ બનાવ સંદર્ભે ડભોડા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ગાંધીનગરની ડિસ્ટ્રીકટ કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ એમ. પંડયાએ કોર્ટ સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે મૃત્યુ પામનાર દાનીબેનની ભેંસે આરોપીના એકામાંથી માત્ર પૂળો ખાતા આરોપીઓએ તેમને મોતને ઘાટ ઉતાર્યા છે. આવા ગુનામાં જન્મટીમની સજા કરવી જોઈએ. સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ ડિસ્ટ્રીકટ જજ જી.કે. ઉપાધ્યાયે આ ગુનામાં આરોપી જયંતિ ઉર્ફે કાદીયાને તકસીરવાન ઠરાવી સાત વર્ષની સજા તેમજ રૂ. ૧૦ હજાર દંડ અને આરોપી રાકેશ તેમજ બાલાને એક વર્ષની કેદની સજા અને રૂ. ૨ હજારના દંડનો હુકમ કર્યો છે.

# ભરૂચ નર્મદા જિલ્લા મિત્ર મંડળની મહિલા પાંખની ૧૦મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૮

ભરૂચ-નર્મદા જિલ્લા મિત્રમંડળ, ગાંધીનગરની મહિલા પાંખના કન્વીનર મીનાબેન શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શરદપૂનમના વિવિધ કાર્યક્રમોના આયોજન માટે સેક્ટર-૭ના બગીચામાં તા. ૧૦મી ઓકટોબર-૨૦૧૨ને બુધવારે બપોરે ૩.૩૦ કલાકે મહિલા પાંખની બેઠક યોજાશે.

શરદપૂનમના વિવિધ કાર્યક્રમોના આયોજન માટે ભરૂચ-નર્મદા જિલ્લા મિત્ર મંડળ ગાંધીનગરની મહિલા પાંખના કન્વીનીયર મીનાબેન શાહે દરેક મહિલાને બેઠકમાં ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે. આ અંગેની વધુ વિગતો ફોન નં. ૨૩૨-૪૮૨૩૭ પરથી મળી શકશે.

# વીજ વાયરને ચોંટી ગયેલી પત્નીને બચાવવા જતાં પતિને મોત ભરખી ગયું

## ડભોડા ગામમાં ઘરે પત્નિ કપડાં સુકવી રહી હતી ત્યારે બનેલી દુર્ઘટના : આ જ દિવસે ઘરે મોટા બાનું બેસણું હતું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક ડભોડા ગામમાં કપડાં સુકવતા વિજ વાયર સાથે ચોંટી ગયેલી પત્નિને બચાવવા જતાં પતિને મૃત્યુ ભરખ્યું હોવાનો કિસ્સો બનતા અરેરાટી મચી જવા પામી છે. ડભોડા પોલીસે ઉપ વર્ષીય મૃતકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ જ દિવસે તેમના કુટુંબી મોટા બાનું બેસણું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ડભોડા ગામમાં રહેતા અને રીલાયન્સમાં નોકરી કરતાં ૫૫ વર્ષીય પોપટજી વજાજી પરમારના કુટુંબી મોટા બા ના મૃત્યુ બાદ ગઈકાલે ઘરે બેસણું રાખવામાં આવ્યું હતું.

દરમ્યાન પોપટજીના પત્નિ સવિતાબેન કપડાં સુકવવા ગયા ત્યારે તાર સાથે જીવંત વિજ વાયર અડકી જતાં કરંટ લાગ્યો હતો. પત્નિને ચોંટી ગયેલી જોઈને બચાવવા દોડી આવેલા પતિ પોપટજી પણ વિજકરંટમાં ચોંટી ગયા હતા. સવિતાબેન ઉછળીને જીવંત વિજવાયરથી છુટી ગયા હતા પરંતુ પોપટજી વાયરથી છુટી ન શકતાં શરીરે ગંભીર રીતે દાઝી જવાથી તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ પત્નિ સવિતાબેનને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. કરંટથી મૃત્યુ પામનાર પોપટજીનો મૃતદેહ પી.એમ. માટે મોકલી ડભોડા પોલીસ મથકના જમાદાર કિરીટસિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શર કરી છે.

# જગદીશભાઈ દવેની કોગ્રેંસના સામાજિક સંગઠન સંકલન સેલના ચેરમેન તરીકે નિમણુંક

ગાંધીનગર તા. ૮

ગુજરાત પ્રદેશ કોગ્રેંસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ ગુજરાત પ્રદેશ કોગ્રેંસ સમિતિના સામાજિક સંગઠન સંકલન સેલના ચેરમેન તરીકે જગદીશભાઈ દવેની નિમણુંક કરી છે.



અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે જગદીશભાઈ દવેની ચેરમેન તરીકે નિમણુંક થવાથી ગુજરાત પ્રદેશ કોગ્રેંસ સમિતિના સમાજિક સંગઠન સંકલન સેલની કામગીરીમાં ઉત્સાહ વધશે. કોગ્રેંસ પક્ષ વધુ મજબૂત બનશે.

જગદીશભાઈ દવેએ યુવક કોગ્રેંસ કામગીરી શરૂ કરીને વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે વર્ષોથી સક્રિય રીતે જોડાયેલા છે. પ્રવકતા ડૉ. મનીષભાઈ એમ. દોશીએ માહિતી આપી હતી.

# રકનપુરમાં કંપનીમાંથી ૪૫ હજારનું લોખંડ ચોરી જનાર બે ઝડપાયા

કલોલ, તા.૮

કલોલ નજીકના રકનપુર ગામમાં આવેલી હાઈટેક ઈલાસ સ્ટોમર્સ નામની કંપનીમાંથી ત્રણેક દિવસ અગાઉ લોખંડ નાના મોટા આશરે ૪૫ હજારની કિંમતના ટુકડાઓની ચોરી થવા પામી હતી. આ ચોરી સંદર્ભે કલોલ તાલુકા પોલીસે સઘન તપાસ કરીને સાંતેજના બે લોખંડ ચોરોની આ ગુનામાં ધરપકડ કરી લીધી છે. બંનેએ કંપનીમાંથી લોખંડ ચોર્યુ હોવાની કબુલાતને આધારે ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ૩જી ઓકટોબરથી ૫મી ઓકટોબરના સમયગાળા દરમિયાન કલોલ નજીકના રકનપુર ગામમાં આવેલી હાઈટેક ઈલાસ સ્ટોમર્સ કંપનીમાંથી લોખંડના નાના-મોટા છ નંગ ટુકડાઓ મળીને રૂ. ૪૫ હજારની કિંમતના લોખંડની ચોરી થવા પામી હતી. આ અંગે કંપનીના બ્રજેશ અરવિંદભાઈ પટેલે કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન મળેલી એક કડીને આધારે આજે સાંતેજના બે લોખંડચોરોની કલોલ તાલુકા પોલીસે આ ગુનામાં ધરપકડ કરી લીધી છે. સાંતેજના રહેવાસી ગુરુસિંગ સુખનંદસિંઘ યાદવ અને વિકાસસિંગ સુરેન્દ્રસિંગ બઘેલ બંને શખ્સોને ઝડપી પાડીને પુછપરછ કરતાં રકનપુરમાં કંપનીમાં થયેલી લોખંડ ચોરી તે બંનેએ કરી હોવાની કબુલાત કરી લીધી હતી. કલોલ તાલુકા પોલીસે ધરપકડ કરીને બંનેની સઘન પુછપરછ શરુ કરી છે.

# ગાંધીનગર જિલ્લાની હોટેલોમાં રોકાણ કરનારા મુસાફરોએ ફોટો ઓળખ કાર્ડ રજુ કરવા પડશે

ગાંધીનગર, તા.૮

અમદાવાદ શહેરી વિસ્તારમાં તા. ૨૬-૭-૦૮ તથા મુંબઈ શહેરમાં તા. ૨૬-૧૧-૦૮ના રોજ થયેલ આતંકવાદી હુમલાના અનુસંધાને વાહન, હોટલ ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકીંગ દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યકિતઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪થી મળેલ અધિકારની રૂઈએ ગાંધીનગર જિલ્લાની હુકમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડેલ છે.

જિલ્લાની હોટલ/ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક મુસાફરના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરુરી નોંધ કરવામાં આવે દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટ્રરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાતપણે કરાવવી તેમજ હકીકત નોંધાવવાની જવાબદારી હોટલ સંચાલકની નિયત કરવામાં આવે.

# મોબાઈલ ચોરી જનાર શખ્સની ધરપકડ

કલોલ, તા. ૯

કલોલના પુર્વ વિભાગમાં અમુલ્ય રેસીડેન્સીમાં ચાર્જીંગમાં મુકેલા બે મોબાઈલની થયેલી ચોરી અંગે કલોલ શહેર પોલીસે ગુનો દાખલ કરી તપાસ કરતાં મોબાઈલ ચોર પકડાઈ ગયો છે. કલોલનો જ મોબાઈલ ચોર હોવાનો પોલીસને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે તપાસ શરૂ કરી હતી અને તેને ઝડપી પાડવામાં સફળતા મળી છે. કલોલ શહેર પોલીસે તેની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે. કલોલ શહેરના પુર્વ વિભાગમાં આવેલી અમુલ્ય રેસીડેન્સીમાંથી થોડા દિવસ અગાઉ બે મોબાઈલોની ચોરી થઈ જવા પામી હતી. બન્ને મોબાઈલ ચાર્જીંગમાં હતાં તે સમયે કોઈ શખ્સ ઉઠાંતરી કરીને સરકી ગયો હતો. આ બનાવ અંગે કલોલ શહેર પોલીસે ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. ત્યારે બાતમી મળી હતી કે કલોલ શહેરના વડવાળી ચાલી વિસ્તારના શખ્સે આ ચોરી કરી છે. જેને આધારે પોલીસે તપાસ કરી તે શખ્સને પકડી લાવી પુછપરછ કરી હતી. વડવાળી ચાલી વિસ્તારનો અરવિંદ પોરાજી ઠાકોરે બન્ને મોબાઈલો ચોર્યા હોવાની પુછપરછ દરમ્યાન કબુલાત કરી લેતા પોલીસે તેની ધરપકડ કરી સઘન કાર્યવાહી આરંભી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૫

સૂર્યાસ્ત : ૬.૨૧

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦

બર્ફી : ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈંગ્લીશ વિગ્લીશ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,

ઓહ ! માય ગૉડ : ૯.૩૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૯.૦૦, ૪.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૧.૩૦, ૨.૧૫

ઈંગ્લીશ વિગ્લીશ : ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

બર્ફી : ૧૦.૪૫, ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૩૦

ઓહ ! માય ગૉડ : ૬.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઈંગ્લીશ વિગ્લીશ : ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૦.૪૫, ૩.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ઓહ! માય ગૉડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૧૫

કમાલ ધમાલ માલામાલ : ૧૧.૩૦, ૬.૧૫

### ચિરાગ, કલોલ

મારા રૂદિયે વાલા બાપા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે.આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. દિવાબેન જેણાજી ઠાકોર (ઉ.વ. ૬૨) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અશોકભાઈ કાળુસિંહ બિહોલા (ઉ.વ. ૫૨) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.હંસાબેન મહેન્દ્રભાઈ જોશી (ઉ.વ. ૬૮) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ખોડાભાઈ રામસંઘભાઈ વાઘરી (ઉ.વ. ૧૦૦) મુ.પો. ઈટલા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ચંચીબેન અંબાલાલ વાળંદ (ઉ.વ. ૮૫) મુ.પો. પાટનાકુવા, તા. દેહગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. માલીબેન હરજીભાઈ રબારી (ઉ.વ. ૧૦૧) પ્લોટ નં. ૧૭૯/૨, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. કિશોરભાઈ લાલજીભાઈ નંદા (ઉ.વ. ૫૩) પ્લોટ નં. ૩૯૯/૨, સેકટર-૨બી, ગાંધીનગર.
- સ્વ. દિલીપભાઈ બચુભાઈ વાલોદરા (ઉ.વ. ૪૦) બ્લોક નં. ૬૮/૧, 'ચ' ટાઈપ, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. દેસાઈ હીરાબેન અમરાભાઈ (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૫૯૩/૧, સેકટર-૫બી, ગાંધીનગર.
- સ્વ. જગન્નાથ ત્રિકમજી પંડ્યા (ઉ.વ. ૯૧) પ્લોટ નં. ૭૨૬/૨, નંદનવન સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. રશ્મીકાન્ત ઓચ્છાલાલ દેવાશ્રયી (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૩૮૩/૨,અંબિકાસદન સોસાયટી, સેકટર-૨૬, ગાંધીનગર.